ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરમાં ઉનાળુ રાત્રિની રોનક નીખરી





ગાંધીનગર, તા.૭

વાતાવરણમાં પલટાની સાથે જ ઉનાળાની ગરમી આક્રમક બની છે ત્યારે શહેરીજનો ગરમીના લીધે હેરાન પરેશાન છે. દિવસના સમયે કામ વગર બહાર ન નીકળતા નગરજનો રાત્રી વૉક પર અથવા તો રાત્રી બજારોની મુલાકાતે ઠંડકનો અનુભવ કરવા જઈ રહ્યા છે. દિવસે બહાર ન નીકળતી મહિલાઓ અને બાળકો સાંજ પડે ને બજારમાં ખરીદી કરતા અને ફરતા જોવા મળે છે. શહેરના આઈસ્ક્રીમ પાર્લર, બગીચા, ઠંડા પીણાં, બરફ ગોળાની લારીની આજુબાજુ રાત્રે ભીડ જોવા મળી રહી છે.

અસહ્ય ગરમીથી બચવા શહેરીજનો કામ વગર ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે ત્યારે સાંજના સે-૨૧ શોપિંગ સેન્ટરથી માંડી દરેક જગ્યાએ ભીડ જોવા મળે છે. મોડી સાંજ પડે ને શહેરીજનોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. સ્વર્ણિમ પાર્કમાં દિવસ ભરનો થાક ઉતારવા અને ટહેલવા શહેરીજનો નીકળે છે. રાત્રિ દરમિયાન નગરના બગીચા, સર્કલ, આઈસક્રીમ પાર્લર, શેરીડનો રસ, સોડા, બરફગોળા મળતી જગ્યાએ તેમાંય ખાસ કરીને ઘ-૪, ઈન્ફોસીટી તેમજ રિલાયન્સ ચોકડી પાસે ભીડ જોવા મળી રહી છે. દિવસનો તાપ એટલો અસહ્ય બની ગયો છે કે દિવસે કોઈ કામ માટે નીકળતું નથી અને રાત્રિએ જોવા મળતી દરેક રસ્તા પરની ભીડ પરથી લાગે છે કે ઉનાળો રાત્રિની રોનક નીખારે છે.





ગરમીથી બચવા માટે વાહનચાલકો-રાહદારીઓ ટોપી અને ચશ્માનો ઉપયોગ કરે છે. ઉનાળો જામતા માર્ગોની આસપાસ ટોપી અને ચશ્મા વેચતા ફેરીયાઓ જોવા મળી રહ્યા છે.

## છાલા ગામમાં રામદેવપીર મહિલામંડળ દ્વારા નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું



ચિલોડા, તા. ૭

તાલુકાના છાલા ખાતે અંબાજી માતાજી મંદિર ખાતે રામદેવપીર મહિલામંડળ દ્વારા ભગવતી મા અંબાની નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં તા. ૬ એપ્રિલ શનિવારે સવારે ૯ વાગે શુભારંભ કર્યો હતો. સાંજે ૫.૩૦ કલાકે સાયં આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા દિવસે તા. ૭મી એપ્રિલ ચૈત્રસુદ-૨ રવિવારે નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કર્યુ હતુ. પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીફળ હોમ વિધિ બાદ ત્રણ હજાર ભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## રાંધેજામાં મકાનમાં જુગાર રમતા ૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૭

રાંધેજા ગામે એક મકાનમાંથી જુગાર રમતા સાત શકુનીઓને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા છે. જયારે મકાનમાંથી રૂ.૫૨,૨૫૦ રોકડા તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૯૨,૭૫૦ સાથે જુગારધારા હેઠળ ગુનો નોધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ ટીમના સભ્યો પોલીસ મથકમાં હાજર હતા તે દરમિયાન બાતમી મળી હતી કે રાંધેજા ગામે પાણીની ટાંકી પાસે સોમનાથ સોસાયટીમાં નવીન ટેનામેન્ટની સ્કીમના પ્રથમ લાઈનમાં ત્રણેક મકાન છોડી બીજા માળે કેટલાક ઈસમો ગંજી પત્તા પાનાથી હારજીતનો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા જીનલ નટુભાઈ પટેલ, ભાગ્યેશ ડાહ્યાભાઈ પટેલ, રમેશ ગીરધરભાઈ પટેલ, પ્રિતેશ સોકાભાઈ પટેલ, વિશાલ મુકેશભાઈ પટેલ, મેહુલ જશવંતભાઈ પંડ્યા કુણાલ કાન્તીલાલ પટેલ તમામ રહે. રાંધેજા તા.જી.ગાંધીનગર, તમામની અંગઝડતીમાંથી રોકડ રકમ રૂ. ૪૬,૫૦૦ તેમજ દાવ પરથી રૂ.૫૭૫૦ મળી કુલ રૂ.૫૨,૨૫૦ અને બે મોટર સાયકલ નંબર જી.જે.૧૮ એ.ઈ.૭૯૦૫ અને જી.જે.૧૮.સી.એલ.-૯૮૨૦ કિ. રૂ.૩૦ મળી કુલ રૂ. ૯૨,૭૫૦ ના મુદ્દામાલ સાથે ૭ શકુનીઓ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ અને ત્રિવેદી મેવાડા સમાજ દ્વારા એકલિંગજી પાટોત્સવની ઉજવણી પંચદેવ મંદિર ખાતે કરવામાં આવી હતી. જેમાં લોકોએ ઉત્સાહપૂર્વક એકલિંગજી દાદાની પૂજા અર્ચના કરી હતી. આ પૂજામાં અંદાજે ૬૫૦ લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો.



ચ-૬ સર્કલની ડિઝાઈન એવી કરવામાં આવી છે કે સર્કલની અંદરની તરફ સતત પાણી ભરાઈ રહે છે. સતત પાણી ભરાતા અહીં લીલના થર જામી ગયા છે અને ગંદકીએ માજા મુકી છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા આસપાસના વસાહતીઓ ત્રાસી ગયા છે.

## સે-૭ સરકારી શાળાની મારામારીના બનાવમાં હવે શિક્ષકે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૭

શિક્ષણ જગતને લાંછન લગાવતી ઘટના તાજેતરમાં સેકટર-૭ સરકારી પ્રાથમિક શાળા ખાતે બનવા પામી હતી. શાળામાં જે રીતે વિદ્યાર્થીઓ છુટા હાથની મારામારી કરે તે પ્રકારની મારામારીના દૃશ્યો શિક્ષક અને કો-ઓર્ડીનેટર વચ્ચે સર્જાયા હતા. આ ઘટના બાદ સે-૭ પોલીસ મથકે કો.ઓર્ડીનેટર દ્વારા શિક્ષક સામે ફરીયાદ નોંધાઈ હતી. ત્યારબાદ હવે શિક્ષકે પણ કો. ઓર્ડીનેટર સામે ફરીયાદ નોંધાવતા વિરોધાભાસ ધરાવતી બંન્ને ફરીયાદનો પગલે પોલીસ પણ મુંઝાઈ ગઈ છે કે ખરેખર આ મારામારીની ઘટનામાં સાચુ કોણ અને જુઠ્ઠુ કોણ બોલી રહ્યું છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૭ ખાતે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યા મંદિર ખાતે ગત ગુરુવારના રોજ શાળાના કો-ઓર્ડીનેટર ધીરજભાઈ નથુભાઈ વાટલીયા ઉં.વ.-૬૬ ફરીયાદમાં આક્ષેપ કર્યો છે કે પરીક્ષાનું પેપર શરુ હતું તે સમયે ધીરજભાઈ બ્લોક નં-૫ માં ગયા ત્યારે ખુરશીમાં બેઠેલા શિક્ષક પાર્થ પટેલ સુપરવાઈઝીંગની સલાહ આપતા ઝઘડો થયો હતો. ત્યારે હવે શનિરવારના રોજ શિક્ષક પાર્થ પટેલ દ્વારા સામે પક્ષે પોલીસ ફરીયાદ કરી જણાવ્યું છે કે પરીક્ષામાં રીલીવર આવતા તેઓ રીલક્ષ થઈને સ્ટાફ રૂમમાં પાણી પીવા માટે ગયા હતા. તે સમયે સ્કુલના કો-ઓર્ડીનેટર ધીરજભાઈએ કહ્યું હતું કે તુ કોને પુછીને રીલીવ થઈને આવ્યો છે. જેથી પાર્થે રીલીવર આવતા આવ્યા હોવાનું કહેતા ધીરજભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને તમારા બધાનો બાપ હું છુ અને હું જેમ કહુ તેમ તમારે કરવાનું અને તું મને જાણતો નથી. હું મારા દિકરાને બોલાવીશ તો તને મારી નાંખશે તેમ કહીને પોતાના પુત્ર જીગ્નેશને ફોન કરતા તે બોઝબોલનો ધોકો લઈ શાળાની અંદર પ્રવેશી તે પણ અપશબ્દો બોલવા લાગ્યો હતો. જેથી પાર્થ પટેલે પોતાના પિતાને ફોન કરી બોલાવ્યા હતા. શિક્ષક પાર્થ પટેલ અને તેમના પિતા બંન્ને કો-ઓર્ડીનેટર ધીરજ વાટલીયાને ઓફિસમાં મળવા માટે ગયા હતા. ત્યારે પિતા-પુત્રએ ઉશ્કેરાઈ જઈને ફરીયાદની ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે ધીરજભાઈએ પાર્થનો આંગળીએ બચકું ભરી લીધુ હતુ. ત્યારે પોલીસ આ બંન્ને વિરોધાભાસી ફરીયાદમાં કોણ સાચુ બોલે છે તે અંગે તપાસ શરુ કરી છે.

## ચૂંટણી પ્રચારમાં ગરમી વિલન



ગાંધીનગર, તા.૭

લોકસભાની ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સેકટરોમાં પ્રચાર ઝુંબેશ શરુ કરી દેવાઈ છે. ચૂંટણી જાહેર થયા બાદ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે ત્યારે ગરમીની મોસમ પણ નીખરતા ચૂંટણી પ્રચારની પ્રક્રિયા પણ વિશેષ પ્રભાવિત થઈ છે. આકાશમાંથી વરસતી અગનજવાળા વચ્ચે નગરજનો આમ પણ કામ સિવાય બહાર નીકળતા નથી ત્યારે સેકટરની શેરીઓમાં પણ સન્નાટો જોવા મળે છે. આવા સંજોગોમાં અંગ દઝાડતી ગરમી મતદાનની પ્રક્રિયાને પ્રભાવિત કરશે તેવો પણ પ્રશ્ન મંડરાયો છે જયારે હાલ ચૂંટણીની પ્રચાર ઝુંબેશમાં પણ આગ ઓકતી ગરમી વિલન બની છે.

લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે પ્રચાર પ્રસાર થોડો ઠંડો હોય તેમ જણાઈ રહ્યું છે. શહેરના રસ્તા ખાલીખમ જોવા મળી રહ્યા છે. અચાનક વાતાવરણમાં પલટો કે ઠંડીમાંથી ગરમી અનુભવતા શહેરીજનો કામ વગર ઘરની બહાર નીકળતા જોવા નથી મળી રહ્યા. શાળામાં પણ પરીક્ષાનો માહોલ જણાઈ રહ્યો હોવાથી બાળકો પરીક્ષાના સમય સિવાય બહાર નથી જોવા મળી રહ્યા.

ચૂંટણીનો માહોલ શહેરમાં જોવા મળવો જોઈએ એ જગ્યાએ શહેરના રસ્તા ખાલીખમ જોવા મળી રહ્યા છે. વાતાવરણમાં એકાએક પલટાને લીધે ગરમીનો પારો એકદમ ઉંચો આવ્યો છે જેના લીધે શહેરીજનો તો ત્રસ્ત છે જ પરંતુ પક્ષના ઉમેદવારો દ્વારા પ્રચાર પ્રસારની પ્રક્રિયા પણ ધીમી છે. જે માહોલ જોવા મળવો જોઈએ તે હજી બન્યો નથી ગરમીના લીધે એસી.માં બેસતા નેતા અને ઉમેદવારો માટે આ ગરમી વિલન બની હોય તેવું વર્તાઈ રહ્યું છે. શહેરમાં બપોરના ૧૨ થી ૫ તો રસ્તા ખાલીખમ જોવા મળી રહ્યા છે. ધંધા અર્થે નીકળતા ફેરિયાઓ પણ પોતાના ઘરે ચાલ્યા જાય છે. આ ઉપરાંત ગરમીથી રક્ષણ આપતા ઠંડા પાણીના લારી-ગલ્લા પણ ગ્રાહકો વગર ખાલી ખમ જોવા મળી રહ્યા છે.